# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટોક્યોમાં કહ્યું કે, ભારત-જાપાન ભાગીદારી વિશ્વ શાંતિ અને સ્થિરતા માટે જરૂરી.

2) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવા માટે ભારત અને આફ્રિકા સંબંધો પર કામ કરવા પર ભાર મૂક્યો

3) કેન્દ્ર સરકારે ભૂતપૂર્વ સૈનિક ફાળો આપતી આરોગ્ય યોજના- ECHS ના વિસ્તરણને મંજૂરી આપી.

4) નાણાકીય વર્ષ 2025-26 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP 7.8 ટકા વધવાનો અંદાજ.

5) ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપની ૨૫ મીટર સેન્ટર ફાયર ઇવેન્ટમાં ભારતનાં ખેલાડીઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV INDIA JAPAN SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ટોક્યોમાં તેમના જાપાની સમકક્ષ શિગેરુ ઇશિબા સાથે 15મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં હાજરી આપી હતી. શિખર સંમેલન દરમિયાન , બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અંગે સમીક્ષા કરી હતી અને ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીના આગામી તબક્કાને આગળ વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

વાર્ષિક સમિટમાં ભાગ લીધા બાદ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા , પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભારત અને જાપાને આગામી 10 વર્ષમાં ભારતમાં 10 ટ્રિલિયન યેનનું રોકાણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

**(બાઇટ – PM ON 10 YEARS TARGET )**

શ્રી મોદીએ કહ્યું કે ભારત જાપાન ભાગીદારી વિશ્વ શાંતિ અને સ્થિરતા માટે આવશ્યક છે.

**(બાઇટ -PM MODI ON PEACE)**

તેમણે ઉમેર્યું કે ભારત જાપાન ગ્રીન ભાગીદારી આર્થિક ભાગીદારી જેટલી જ મજબૂત છે.

**(બાઇટ - PM MODI ON PARTNERSHIP )**

જાપાનના પ્રધાનમંત્રીએ તેમના નિવેદનમાં કહ્યું કે ભારત નવીનતાઓ દ્વારા સમગ્ર વિશ્વમાં પરિવર્તન લાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે પૂરક અને પરસ્પર સંબંધો રાખવાથી ભારત અને જાપાન બંને માટે ફાયદાકારક છે.

આ પ્રસંગે ભારત અને જાપાને અનેક કરારોનું પણ આદાન-પ્રદાન કર્યું.

અગાઉ, શ્રી મોદીએ સ્પીકર ફુકુશિરો નુકાગા અને જાપાનના સંસદ સભ્યોના જૂથ સાથે મુલાકાત કરી.

જાપાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓ યોશીહિદે સુગા અને ફુમિયો કિશિદાએ પણ શ્રી મોદી સાથે મુલાકાત કરી.

. . . . .

# GOYAL - INDIA - AFRICA

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર બમણો કરવા માટે ભારત અને આફ્રિકા સંબંધો પર કામ કરવા પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં CII ઇન્ડિયા આફ્રિકા બિઝનેસ કોન્ક્લેવના 20મા સંસ્કરણના સમાપન સત્રને સંબોધતા , શ્રી ગોયલે નિર્દેશ કર્યો કે ભારત અને આફ્રિકા વચ્ચેનો વેપાર એકદમ સંતુલિત છે , ભારતની નિકાસ અને આયાત અનુક્રમે 42.7 બિલિયન ડોલર અને 40 બિલિયન ડોલર છે. શ્રી ગોયલે જણાવ્યુ કે, બંને દેશો કૃષિ, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સંભાળ, મહત્વપૂર્ણ ખનિજો, નવીનીકરણીય ઉર્જા અને સેવાઓમાં પૂરકતા ધરાવે છે.

શ્રી ગોયલે જણાવ્યુ કે ભારતનું યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ એ ટલે કે (UPI) આફ્રિકાનો વ્યવહાર ખર્ચ ઘટાડવામાં અને નાણાકીય પ્રણાલીઓને મજબૂત બનાવવામાં મદદ કરી શકે છે.

. . . . . . . .

# EVE AMIT SHAH-BRAHMAPUTRA WING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુવાહાટીમાં આસામના પ્રથમ બિન-કોંગ્રેસી મુખ્યમંત્રી ગોલાપ બોરબોરાના જન્મશતાબ્દી સમારોહના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે ગોલાપ બોરબોરા એક સ્વપ્નદ્રષ્ટા સમાજવાદી નેતા , સ્વતંત્રતા સેનાની હતા. આસામના સામાજિક-આર્થિક વિકાસમાં તેમનું ખૂબ જ મોટું યોગદાન હતું. શ્રી શાહે આ પ્રસંગે ગોલાપ બોરબોરાના જીવન પર આધારિત એક પુસ્તકનું પણ અનાવરણ કર્યું.

અગાઉ શ્રી શાહે ગુવાહાટીમાં રાજભવનની નવનિર્મિત બ્રહ્મપુત્ર શાખાના ઉદ્ઘાટન તેમજ ગોલાઘાટ ખાતે રાષ્ટ્રીય સાયબર ફોરેન્સિક પ્રયોગશાળાના ઇ-ઉદ્ઘાટન પ્રસંગે વિશાળ સભાને સંબોધી.

**(બાઇટ - AMIT SHAH )**

આ ઉપરાંત શ્રી શાહે સશસ્ત્ર દળોના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યુ , તેમજ પંચાયત સંમિલનમાં પણ હાજરી આપી હતી જ્યાં 20 હજાર જેટલા ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . .

# ECHS-DEFENCE MINISTRY

કેન્દ્ર સરકારે ભૂતપૂર્વ સૈનિક ફાળો આપતી આરોગ્ય યોજના- ECHS ના વિસ્તરણને મંજૂરી આપી છે. આ યોજનાથી તબીબી કારણોસર અથવા લશ્કરી તાલીમ દરમિયાન ઈજાને કારણે લશ્કરી સેવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવેલ ઓફિસર કેડરના કેડેટ્સને ફાયદો થશે. મંત્રાલયે સશસ્ત્ર દળોના ગૌરવ અને ભૂતપૂર્વ સૈનિકોની સુખાકારી માટે આ પગલું ભર્યું છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ સુવિધા તાલીમ પૂર્ણ થયા પહેલા તબીબી કારણોસર કાઢી મૂકવામાં આવેલા કેડેટ્સ પર લાગુ થશે.

ઉલ્લેખનીય છે કે ECHS 2003 માં ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતો માટે શરૂ કરવામાં આવ્યું હતું જે સશસ્ત્ર દળોના તબીબી માળખા અને દેશભરમાં ખાનગી પેનલ્ડ અથવા સરકારી હોસ્પિટલો દ્વારા સંચાલિત થાય છે.

. . . . . . . . .

# INDIA -GDP

નાણાકીય વર્ષ 2025-26 ના પ્રથમ ક્વાર્ટર એપ્રિલથી જૂન દરમ્યાન ભારતનો વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન દર એટલે કે, GDP 7.8 ટકા વધવાનો અંદાજ છે, જે પાંચ ક્વાર્ટરના ઉચ્ચ સ્તરે છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા આજે જાહેર કરાયેલા ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર માટે GDP ના ત્રિમાસિક અંદાજ મુજબ , આ જ સમયગાળા દરમિયાન નોમિનલ GDP માં 8.8 ટકાનો વિકાસ દર જોવા મળ્યો છે.

કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં વાસ્તવિક કુલ મૂલ્ય વર્ધિત (GVA) વૃદ્ધિ દર 3.7 ટકા જોવા મળ્યો છે , જે ગયા નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં નોંધાયેલ 1.5 ટકાના વિકાસ દરની તુલનામાં છે.

. . . . . .

# GUJARAT -MSME

ગુજરાતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રમાં છેલ્લા પાંચ વર્ષમાં 86 હજાર 418 કરોડ રૂપિયાનું રોકાણ થયું છે અને લગભગ ચાર લાખ રોજગારીની તકો ઉભી થઈ છે.

રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ નિમિત્તે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, રાજ્ય સરકારે કૌશલ્ય વિ કાસ, નાણાકીય સહાય અને માર્કેટિંગ સપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને અનેક પગલાં શરૂ કર્યા છે.

આ ઉપરાંત, રાજ્ય સરકારે ઉદ્યોગ સાહસિકોને ટેકો આપવા માટે 7 હજાર 300 કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કર્યું છે.

. . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકે છે . ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકાશે . સૂચનો મોકલવાનો આજે અંતિમ દિવસ છે.

. . . .

# SHOOTING

કઝાકિસ્તાનના શિમકેન્ટમાં ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપના છેલ્લા દિવસે ભારતે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. ૨૫ મીટર સેન્ટર ફાયર ઇવેન્ટમાં ,

ઓલિમ્પિયન ગુરપ્રીત સિંહે રાજ કંવર સિંહ સંધુ અને અંકુર ગોયલ સાથે મળીને ભારત માટે ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

યુવા ભારતીય શૂટર માનિની કૌશિકે મહિલાઓની ૫૦ મીટર રાઇફલ પ્રોન ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક અને ટીમ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીતવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

. . .